| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૦૪/૦૧/૨૦૨૪ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩ બિયરટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮/૨૦૨૪

**નિકોલઃ** ધર્મેન્દ્રસીગ વીશંબરસીગ રાજપુત (ઉ.વ.૪૩)(રહે.રઘુવીલા એવન્યુ, નવરંગ સ્કુલ ચાર રસ્તા પાસે, ઓઢવ) એ તા.૦૩/૦૧/૨૦૨૪ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નરેન્દ્રકુમાર ખેમસીગ બઘેલ અને (૨) સંગીતાબેન નરેન્દ્રકુમાર બઘેલ (બંને રેહનાવાલી મીલ્ક પ્રોડકટસના પ્રોપરાઇટર) (બંને રહે. દુકાન નં.૫, શ્યામુકા ઘેર, રાજાખેરા રોડ, ધોલપુર, રાજસ્થાન નાઓએ ભેગામળી તા.દસક્રોઇ કઠવાડા જી.આઇ.ડી.સી. રોડ નંબર-૪, પ્લોટ નંબર-૨૬૮ ખાતે આવેલ ધર્મેન્દ્રસીગની “રાધે ક્રિષ્ના ડેરી પ્રોડેકટ” માંથી ડેરી પ્રોડેકટની અલગ-અલગ વસ્તુઓ કુલ કિંમત રૂપિયા ૨૬,૫૨,૫૩૬/- ધર્મેન્દ્રસીગનો વિશ્વાસ કેળવી ઉધાર મેળવી લઇ, તે પેટે ચેક આપી, આપેલા ચેકનુ સ્ટોપ પેમેન્ટ કરાવી ધર્મેન્દ્રસીગ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯/૨૦૨૪**

**દાણીલીમડાઃ** ધર્મેન્દ્રભાઇ કરશનભાઇ પરમાર (ઉ.વ.૩૭)(રહે.ધીવાળી ચાલી, દુધવાળી ચાલીની પાસે, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૦૦ થી તા.૦૩/૦૧/૨૦૨૪ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, ચાંદીની એક જોડી પાયલ કિંમત રૂપિયા ૩,૬૦૦/-, ચાંદીની નાની પાયલ કિંમત રૂપિયા ૧,૮૦૦/-, સોનાની વિટી નંગ-૦૩ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, કાંડા ઘડીયાળ કિંમત રૂપિયા ૧,૯૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૨,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** સુરેશકુમાર લહેરચંદ કોઠારી (ઉ.વ.૬૮)(રહે.નેમરાજુલ ફલેટ, ધરણીધર દેરાસર પાછળ, લબ્ધી વિક્રમ ફલેટની સામે, વાસણા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૨૪ રાતના ૮/૫૦ વાગ્યાના સુમારે કાગડાપીઠ સફલ-૩ બિલ્ડીગમાં ‘બી’ બ્લોકમાં દુકાન નં.૫ “પદ્માવતી એન્ટરપ્રાઇઝ” નામની પોતાની દુકાનનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૦/૨૦૨૪**

**શહેરકોટડાઃ** સુરેશભાઇ કિશનચંદ લોકવાની (ઉ.વ.૪૨)(રહે.કૈલાશરાજ હાઇટસ આઇ.ટી.આઇ ની બાજુમાં, ગેલેક્ષી નરોડા) તા.૦૩/૦૧/૨૦૨૪ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે અમદુપુરા બ્રીજ ચઢતા અબ્દુલ શેઠ ની ચાલી આગળ રોડ ઉપર એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ પુરૂષએ સુરેશભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સુરેશભાઇ લોકવાની એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧/૨૦૨૪**

**"એસ.જી.-૦૧" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ભાનુપ્રતાપ મેડઇ કોરી (ઉ.વ.૫૦)(રહે.ચાંદલોડીયા, અમદાવાદ મુળ રહે. ગામઃ મવઇ, તા.મુસાફીરખાના, જી. અમેઠી ઉત્તરપ્રદેશ) તા.03/૧૨/૨૦૨૩ બપોરના ૧/30 વાગ્યાના સુમારે સોલા ભાગવત ચાર રસ્તા નજીક વિવાન્તા હોટલના ગેટ નંબર-૦૧ સામે ડમરૂ સર્કલ તરફ જવાના રોડ ઉપર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અશોક લેલેન મીક્ષર નંબર જીજે.૧૮.બીટી.૯૮૩૪ ના ચાલક અપરબલ મહેશ યાદવ (રહે.શ્રીવિનાયક આરએમસી સોલ્યુશન, એસ.પી.રિંગ રોડ, રતનપુર ગામ, તા.કલોલ, જી.ગાંધીનગર) એ પુરઝડપે અને બેદરકારીથી મીક્ષર ચલાવી લાવી, ભાનુપ્રતાપની સાયકલને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.03/૦૧/૨૦૨૪ બપોરના ૨/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ભાનુપ્રતાપ કોરીના પુત્ર રવિન્દ્રકુમાર કોરી એ "એસ.જી-૦૧" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨/૨૦૨૪**

**સોલા હાઇકોર્ટઃ** રામુકુમાર ભગૌલીપ્રસાદ યાદવ (ઉ.વ.૨૩)(રહે.ચામુંડાનગર, ચાણક્યપુરી સેક્ટર-૦૪ પાસે, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૪ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે

**ઓઢવઃ** સપનાબહેન ડો/ઓ સુરેશભાઇ બૈસકાર (ઉ.વ.૧૭) (રહે. શહીદ મણીલાલની ચાલી ગીતા-ગૌરી સિનેમા પાછળ સોનીની ચાલી ઓઢવ) એ અગમ્ય કારણસર તા.03/૦૧/૨૦૨૪ બપોરના ૨/00 થી સાંજના ૫/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી